સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

નેતૃત્વ વિના બેઠું સાવ પાણીમાં, કચ્છનું પાણી,
સૌરાષ્ટ્ર મત વિસ્તારે વેંચાય છે, કચ્છનું પાણી,
ચડ્યું અન્યાયના ચૂલે, ખદબદે, કચ્છનું પાણી -
સંગઠન શક્તિ સંપીને બતાવે કચ્છનું પાણી...

હાઈકુ

'કાકા' નો ફાંકો -
કાયદા - નિયમો તો -
છે પ્રજા માટે...
(અમે તો આવ્યા ઉપરથી -)

પકડાય ના!
કાયદાના સાણસે -
દારૂનો કોબ્રા...
(દૃઢ સંકલ્પ જરૂરી)

ચિંતન

આપન આસ કિજૈ બતુ તેરા, કાહુ ન મરમ પાવે હરિ કેરા ।
ઈન્દ્રી કહાં કરૈં બિસરામા (સો) કહાં ગયે જો કહત હોતે રામા ॥

ઉપરોક્ત સાખી બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

આપ લોકો પોતાના કલ્યાણ માટે ગુરુ અને શાસ્ત્ર દ્વારા પ્રયાસ કરો. આપણે ખાઈએ તો ભૂખ દૂર થાય છે. ઓસડનું સેવન કરતાં રોગ મટે છે અને પોતે મરે તો સ્વર્ગ જવાય છે. એ પ્રમાણે જાતે સાધના કરતાં મોક્ષ મેળવી શકાય છે.

જે બીજાના ભરોસા પર મોક્ષ મેળવવાની આશા રાખે છે અને પોતે જ્ઞાનનું સાધન કરતો નથી, તેને હરિનું જ્ઞાન થતું નથી. અને આ જ્ઞાન ન થવાથી ધ્યાન કોનું કરે ? એનાં મન અને ઇંદ્રિયો હરિરૂપ અલબંધન વિના વિશ્રાય ક્યાં કરશે ? જેઓ જ્ઞાન વિના અથવા રામસ્વરુપને જાણ્યા વિના રામરામ કરતા હતા તે લોકો ક્યાં ગયાં ? અર્થાત રામભક્તિ તથા વિવેક-વિચાર વગેરે સત્સાધન વિના તે લોકો મોક્ષ મેળવ્યા વિના આવાગમનમાં જ અટવાઈ ગયા.

સુવિચાર

- યોગ્યતાથી વ્યથીત કરેલા જીવનને આપણે વર્ષો ઉંમરથી નહિં પરંતુ કર્મના ધોરમે માપવું જોઈએ - **સંત ઓગસ્ટીન**
- હે યૌવન! તારી આશાઓ કેટલી પ્રેરક છે, સૂર્યમીખીની જેમ તે પણ સદા રોશની તરફ ઉન્મુખ રહે છે - **ફ્રાઇર વાલેસ**
- દુઃખી હોવાનું રહસ્ય આ જ છે કે તમારી પાસે એ વિચારવાનો સમય હોય કે તમે સુખી છો કે નથી - **બર્નાડ શો**
- માનવબુદ્ધિના વિકારગ્રસ્ત, રૂંધાયેલી, વિષાદમય દશાથી ઉત્પન્ન દશાનું નામ 'ચિંતા' છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એવી રીતે કાર્ય કરો કે તમારી પ્રવૃત્તિઓનો સિદ્ધાંત સમગ્ર જગત માટે નિયમ બની જાય - **બ્રુસલી**
- શુભ ચરિત્રના અભાવમાં કેવળ બૌદ્ધિક જ્ઞાન સુગંધિત શબ સમાન છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : ૧૦ નંગ મરી વાટી મધ સાથે મેળવી ચાટવાથી દમ-શ્વાસમાં તરત રાહત થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

ઝંડુ ભટ્ટ અનુભવી વૈદ્ય અને નેકદીલ ઈન્સાન હતા.

વઢવાણના મહારાજ ઠાકુર બાલસિંહ બીમાર પડ્યા. તેમની સારવાર ઝંડુ વૈદ્ય કરતાં હતા. વઢવાણમાં વૈદ્યરાજ રોકાઈને ઠાકુર બાલસિંહની રોજ સારવાર કરતા. ત્રણ મહિના વિત્યા એટલે ઠાકુર સાહેબે કહ્યું, 'તમે ત્રણ મહિનાથી સારવાર કરો છો તો દવા, ચિકિત્સાનું બીલ કેમ નથી આપતા ? આપને આ સેવાનો ચાર્જ લેવાનો છે.' ત્યારે વૈદ્યરાજે કહ્યું, 'મહારાજ ઉતાવળ શી છે, આપ સાજા થઈ જાવ પછી આપ જે આપશો તે હું ખુશી ખુશી લઈ લઈશ.' બીજા બે મહિના સારવાર ચાલી પણ ઠાકુરની તબિયતમાં સુધારો થયો નહીં અને તેઓ અંતિમ ધામ ગયા. વૈદ્યરાજ ચૂપચાપ જામનગર ચાલ્યા ગયા. થોડા સમય પછી વઢવાણ રાજયનો દૂત બે હજાર રૂપિયા લઈ જામનગર ભટ્ટજીને મળવા આવ્યો અને મહારાજની સારવાર પેટે પૈસા સ્વીકારવા વિનંતી કરી. ત્યારે વૈદ્યરાજે કહ્યું, 'મને પહેલેથી ખબર હતી કે ઠાકુર સાહેબ માંદગી સામે ટકી શકે પણ એમની જીવનમાંથી શ્રદ્ધા ન તૂટે એટલે વૈદ્ય ધર્મ નિભાવતા હું એમની સેવા કરતો રહ્યો. અને જો દર્દી મારા ઈલાજથી સારો ન થાય તો તેના પૈસા હું કદી લેતો નથી. આમ કહી દૂતને પૈસા પરત કરી રવાના કર્યો.'

સંસ્કારિતા સામે સર્જાતા પ્રશ્નાર્થો

તંત્રીસ્થાનેથી...

ગુજરાતને દુનિયા આધુનિક અને પ્રગતિશીલ રાજય માને છે. મહદંશે આ માન્યતા સાચી પણ છે. અહીં ગુનાખોરીનું પ્રમાણ ઓછું છે. પ્રજામાં જીવદયાના અને કરુણાના સંસ્કાર છે. અહિંસાના દેવદૂત સમા અને સત્યના અઠંગ ઉપાસક મહાત્મા ગાંધીની આ હોમલેન્ડ. આવા ખ્યાલો વ્યાપક પ્રમાણમાં પ્રવર્તતા હોય ત્યારે રાજકોટ ખાતે સગા મા જણ્યા ભાઈઓ દ્વારા રાખડી બાંધનારી સગી બહેનની નિર્દય હત્યાનો કિસ્સો બને કે અમરેલી પંથકમાંથી અપહરણ કરી લઈ જવાયેલી યુવતીને પહેલા રખાત તરીકે રાખી વારાફરતી અગિયાર પુરુષો સાથે પરણાવી રીતસર લોહીનો વેપાર કરવાની ઘૃણાસ્પદ ઘટના બને ત્યારે ગુજરાતમાં સ્ત્રીની સલામતી વિશે કોઈ પણ માણસને સ્વાભાવિક રીતે જ સંદેહ જાગે. દેશનાં અન્ય રાજયોમાં આવા કિસ્સા બનતા હોય છે ત્યારે પ્રમાણમાં ગુજરાત ઘણું સુસંસ્કૃત રાજય છે, એવો અભિપ્રાય બંધાતો રહ્યો છે. પરંતુ યૌનશૌષણથી લઈ 'ઓનર કીલિંગ' સુધીના ગુના અહીં પણ બને છે, તે હકીકત જાણી કોઈ પણ સાચા ગુજરાતીનું માથું શરમથી ઝૂકી ગયા વિના નહીં રહે. ગુજરાતના મહાનગર અને મહાત્મા ગાંધીની કર્મભૂમિ એવા અમદાવાદ ખાતે સગા બાપે એની સત્તર વર્ષની માનસિક રોગથી પીડાતી દીકરી સાથે દુષ્કર્મ આચર્યું હોવાના સમાચાર પણ કેવા હૃદયવિદારક લાગે! આવા બનાવો બહાર આવે છે ત્યારે આપણી કહેવાતી શિષ્ટતા અને સંસ્કારિતા સામે પ્રશ્નાર્થચિહ્ન મુકાઈ જાય છે. રાજકોટની ઘટનામાં ફાઈનાન્સનો વ્યવસાય કરતા પિતાએ જ સામે ચાલીને પોતાની ગુમ થયેલી દીકરીના હત્યારા એના મા જણ્યા ભાઈઓ જ હશે એવી શંકા સાથે પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને ત્રણ ત્રણ અઠવાડિયા સુધી નહીં ઉકેલાયેલી 'મર્ડર મિસ્ટરી' પરથી પડદો ઊંચકાયો ત્યારે પથ્થરદિલ માનવીના હૈયાને પણ હચમચાવી મૂકે એવું રહસ્ય બહાર આવ્યું હતું. યુવાન બહેનને એટલો જ ગુનો હતો કે એ કોઈ યુવકના પ્રેમમાં પડી હતી, જે બાબત એના જુનવાણી વિચારસરણી ધરાવતા ભાઈઓને હજમ નહોતી થઈ. સ્ત્રીએ પ્રતિષ્ઠાના માપદંડ તરીકે જોવા ટેવાયેલા સમાજ એને મનપસંદ પુરુષ સાથે પ્રેમ કરવાનો અધિકાર નથી આપતો. ભલે સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્રનું બંધારણ લિંગ કે જાતિભેદ વગર તમામ નાગરિકોને પોતાની રીતે જીવવાનો હક આપતું હોય, પણ એ તો ફક્ત કાગળ ઉપરનું લખાણ છે. સમાજ એની રૂઢિગત પરંપરાઓ અને પ્રતિષ્ઠાના પોતે બાંધી દીધેલા ખ્યાલોથી ઉપર ઉઠી શકે, એવું બનતાં કદાચ એકાદ સૈકો વીતી જશે. હરિયાણા અને રાજસ્થાન કે ઉત્તરપ્રદેશ - બિહાર જેવાં રાજયોમાં આવા 'ઓનર કીલિંગ'ના કિસ્સા છાશવારે બનતા રહે છે. ખાપ પંચાયતો કાયદો હાથમાં લઈ આવા પ્રેમીઓને જાહેરમાં કઠોર સજા કરતી રહી છે, એમના પરિવારજનોનો બહિષ્કાર થતો રહ્ય છે. અદાલતો ન્યાય અપાવવાની લાખ કોશિશ કરે તો પણ ધારી સફળતા નથી મળતી. ખુદ રાજનેતાઓ અને સરકાર આવી પરંપરાઓ સામે પગલાં ભરતાં સત્તરવાર વિચાર કરે છે. ગુજરાતમાં આવી ઘટનાઓ બને ત્યારે આપણે શરમ જરૂર અનુભવીએ છીએ, પરંતુ શું આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય એ દિશામાં સરકાર કે સમાજ તરફથી કોઈ સક્રિયતા દાખવાય છે ખરી? સ્ત્રીને દેવી તરીકે પૂજનારા સમાજમાં જયારે લોહીનો બેધડક વેપાર ચાલતો હોય કે એના યૌન શોષણમાં સગો બાપ સંડોવાતો હોય ત્યારે બીજા પ્રદેશોની સરખાપણીએ ગુજરાત મહિલાઓ માટે વધુ સલામત હોવાનો કે પ્રજા તરીકે વધુ સંસ્કારી હોવાનો દાવો આપણે કયે મોઢે કરીશું?

વર્ધા યોજના એટલે સમગ્ર મનુષ્યનું અક્ષરજ્ઞાન



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

'આપણામાં એવો વહેમ છે કે પહેલાં પાંચ વર્ષ બાળકને કેળવણી પારમવાપણું હોતું નથી. ખરી વાત એ છે કે પહેલા વર્ષમાં બાળક જે પામે છે કે તે પછી પામતું જ નથી. બાળકની કેળવણીની માતાના ઉદરમાંથી શરુ થાય છે એમ હું અનુભવથી કહી શકું છું. ગર્ભાધાન કાળથી માતાપિતની શારીરિક તેમ જ માનસિક સ્થિતિની અસર બાળક ઉપર પડે છે. ગર્ભકાળની માતાની પ્રકૃતિ, માતાનાં આહારવિહારનાં સારામાંઠા ફળનો વારસો થઈ બાળક જન્મે છે જન્મ્યા પછી તે માતાપિતાનું અનુકરણ કરતું થઈ જાય છે અને જાતા અપંગ હોવાથી તેના વિકાસનો આધાર માતાપિતા ઉપર રહે છે.'

> ગાંધીના મતે અક્ષરજ્ઞાન એટલે 'છાપેલું વાંચવાની શક્તિ' એવો ન હતો

ઉપર મુજબની વાત મહાત્મા ગાંધીએ કરી છે કોઈ સમાજશાસ્ત્રી કે મનોવિજ્ઞાનીએ નહીં. ગાંધીએ મનુષ્ય અને તેના સમાજજીવનના કેટલાકુ ઉત્કૃષ્ટ નિરીક્ષણો કર્યા છે અને એક સંશોધકની માફક તેનો નિષ્કર્ષ રજૂ કર્યા છે તેનું ઉદાહરણ પહેલો ફકરો છે.

સમાજ અને માનસશાસ્ત્રીઓ એમ કહે છે કે મનુષ્યના આરંભના થોડા વરસો બાકીના સમય કરતા વધારે મહત્ત્વના છે. બાળકના વ્યક્તિત્વનો પાયો તેના જીવનના આરંભના થોડાં અઠવાડિયા તથા વરસોમાં મા-બાપની ઉછેર, ઘર અને આસપાસની પરિસ્થિતિ દ્વારા તથા તેના સામાજિક સંબંધો અને અનુભવો દ્વારા નંખાય છે. બાળક શક્તિના વહેતા ઝરણા જેવું હોય છે. તે વિકસતું જાય છે અને તેની આસપાસ જેઓ હોય તેમની ઈચ્છા અને ઉછેરને અનુકૂળ થતું જાય છે. એટલા માટે શાળા, સમાજ તથા રાજયે બાળકના આરંભના વરસો દરમિયાન તેના વિકાસની સંભાળ રાખવાનો કુટુંબ પ્રયાસ કરે એમાં તેને સહકાર આપવો જોઈએ. આ આખીય વાત મૂળમાં મનુષ્યના રુપે વ્યક્તિના સામાજિકરણની ખોટ ન વર્તાય તે આશય છે. જો બાળકને શરુઆતના દિવસોમાં યોગ્ય સામાજિકરણ થકી ઘડવામાં ન આવે તો કેવા પરિણામ આવે તેનું ઉદાહરણ એડોલ્ફ હીટલર છે.

મહાત્મા ગાંધીએ તેમના જીવન અનુભવ અને નિરીક્ષણનાં નિચોડ સાથે કેળવણી માટેના જે વિચારો કર્યા હતા તે વર્ધા યોજનામાં વ્યક્ત કર્યા હતા. વર્ધા યોજનામાં ચૌદ વર્ષની ઉંમર સુધી કેળવણીની વાત કેન્દ્રમાં હતી. બાળક વિકાસના વિવિધ તબક્કાઓ જેમ કે ઉત્તર બાલ્યાવસ્થાની લઈને યૌવનકાળના મહત્વના તબક્કાઓ દરમિયાનની કેળવણીના સવાલોના ઉકેલ તેમાં રજૂ થયા હતા. વર્ધા કેળવણી થકી ગાંધીજીએ આધુનિક માનવશાસ્ત્રીય સિદ્ધાંતોના પાયા ઉપર કરે છે. ગાંધીજીની કેળવણીની યોજનાની માનસિક અને આર્થિક બાજુઓની ચર્ચા કરતા રેવરન્ડ સીકવેરીયા કહે છે કે 'વર્ધા કેળવણી માનસશાસ્ત્રની દૃષ્ટિએ જોતાં સંગીત પદ્ધતિ છે, એની કોઈ ના પાડી શકશે નહીં. ધનિક દેશોની ફેશનેબલ 'રમતની રીતે' કરવા દ્વારા શીખવાનું અને તે પણ નકામી વસ્તુ નહીં પણ થોડી ઘણી કમાણી થાય, જેનાથી શીખતાં બાળકને કમાણી અને શીખવાનો બંને આનંદ પ્રાપ્ત થાય છે.

શ્રીયુત સીકવેરીયા તો આનંદ આપે એવી નવી વસ્તુ નવી ચીજનું ઉત્પાદન સાથે સાથે કમાણી આપતા આ શિક્ષણની ઊંડી અસર હિન્દુતાનીઓ પર પડી હતી તેમ કહે છે. ગાંધીએ ઉપદેશક વાતો જ માત્ર કરી ન હતી. આચરણ દ્વારા તેને પાળી બતાવ્યું હતું. દ. આફ્રિકામાં જયારથી તેમણે રંગભેદ નીતિ સામે લડત શરુ કરી ત્યારથી ગાંધીએ કદી પણ ઊંચી જાતનો ખોરાક લીધો ન હતો. ઊંચી જાતના કપડાં/પોષાક પહેર્યા ન હતા કે ઊંચી જાતનું ફર્નિચર વાપર્યું ન હતું આવા પુરુષની ખાસિયતરુપ આવી જીવનપદ્ધતિને પરિણામે તમામ હિંદવાસીઓને પોતાના દેશની પારવાર ગરીબાઈનું સ્મરણ કરાવીને કેળવણી સાથે સહજ ઉત્પાદનો શ્રમ મહિમા સમજાવ્યો હતો.

દેશ આઝાદ થયો પછી ભારતમાં શિક્ષણ કેવું હોવું જોઈએ એ અંગે રચાયેલી ઝાકીર

અનુસંધાન પાના નં. ૭ પર

પુણ્યશ્લોક રાજવીની સ્મૃતિ : નટવરસિંહજી

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

૨૬મી જાન્યુઆરી સાથે આપણો વિશિષ્ટ નાતો છે. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે દેશ પ્રજાસત્તાક બન્યો. આથી સમગ્ર દેશના લોકો માટે આ શુભ દિવસનું ઐતિહાસિક મહત્વ છે. પરંતુ પોરબંદરના નગરજનો માટે ૨૬મી જાન્યુઆરી એક બીજા અગત્યના કારણસર પણ વિશેષ મહત્વ ધરાવે છે. ૨૬મી જાન્યુઆરી ૧૯૨૦ના દિવસે પોરબંદર રાજ્યની ગાદી ઉપર નટવરસિંહજીનો રાજ્યાભિષેક થયો. પોરબંદરના આ છેલ્લા રાજવીએ જે કામો કર્યા તેમાં તેમની ઊંડી સૂઝ તથા અનેક વિષયોમાં રસ લેવાની વૃત્તિનું દર્શન થાય છે. નટવરસિંહજીને ક્રિકેટની રમત પ્રિય હતી. તેઓ ક્રિકેટની રમતના નિષ્ણાત હતા. રાજવી પોતે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે ૧૯૩૨ માં ઈંગ્લાંડ રમવા ગયેલા તેવી નોંધ આપણાં જ્ઞાન સમૃધ્ધ મુરબ્બી શ્રી નરોતમ પલાણે કરેલી છે. રાજ્યના યુવાનોને ક્રિકેટની તાલીમ મળે તથા તેઓ તેમાં આગળ આવે તેવું આ રાજવીનું સ્વપ્ન હતું. આ હેતુને ધ્યાનમાં રાખીને નટવરસિંહજીએ પોરબંદરમાં સાધન સુવિધા વાળી ક્રિકેટ સ્કૂલની સ્થાપના કરી હતી. જામનગર વિશ્વવિખ્યાત ક્રિકેટર તથા મહારાજા રણજીના ભત્રીજા દુલીપસિંહજીના નામથી તે સ્કૂલની શરૂઆત કરવામાં આવી. સ્કૂલનું ઉદઘાટન પણ દુલીપસિંહજીના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું. ગુજરાતની પણ આ એક જૂની તથા ગણનાપાત્ર શાળા ગણાય છે. ભારતીય ક્રિકેટમાં જેમનું મોટું નામ છે તેવા વિજય મરચંટના હસ્તે વિજય પેવેલિયન ખુલ્લું મૂકવામાં આવ્યું. આ પ્રકારના અલગ અલગ વિષયના કેટકેટલા કામો આ દ્રષ્ટિવાન રાજવીએ કર્યાતે જોતાં તેમના તરફ અહોભાવ થાય તેવું છે.

પોરબંદરને સમૃધ્ધ તથા સંસ્કાર નગરી બનાવવાનું રાજવીનું જીવન લક્ષ રહ્યું. તે માટે તેમના પ્રયાસો પણ નક્કર તેમજ પરિણામદાયક રહ્યાં. રાજવી નટવરસિંહજીનો જન્મ ૩૦ જૂન ૧૯૦૧ના દિવસે થયો હતો. આથી જૂન માસમાં એક પ્રજાવત્સલ રાજવીને યાદ કરી તેમની સ્મૃતિ તાજી કરવી તે પણ એક લહાવો છે.

કચ્છ તથા સૌરાષ્ટ્રના અનેક ભૂતકાળના પ્રસંગોમાં સ્થાનિક રાજવીનો ઉલ્લેખ મહદ્ અંશે થયા કરતો હોય છે. આ વિસ્તારના અનેક રાજવીઓ પૈકી કેટલાક રાજવી ખરા અર્થમાં લોક કલ્યાણનો ધ્યેય હૈયામાં રાખી રાજ્યનો વહીવટ ચલાવતા હતા. આવા રાજવીઓમાં ભાવનગરના કૃષ્ણકુમારસિંહજી, ગોંડલના ભગવતસિંહજી તેમજ પોરબંદરના નટવરસિંહજી (રાજ્યકાળ : ૧૯૦૮-૧૯૪૭) વગેરે મુખ્ય હતા. જો કે બ્રિટિશ સત્તાના વધતા જતા પ્રભાવની અસર દેશી રાજ્યોના વહીવટ પર જોવા મળતી હતી. આવી સ્થિતિ ઊભી થવા માટે પણ મોટા અને નાના રાજ્યો વચ્ચેના વણસેલા સંબંધો એ એક કારણ હતું. સૌરાષ્ટ્રના કેટલાક નાના અને નબળા રાજવીઓએ બ્રિટિશ કંપનીને વિનંતી કરીને રક્ષણ પૂરું પાડવા વિનંતી કરી હતી. બ્રિટિશ કંપનીના અમલદાર રેસિડેન્ટ કર્નલ વોકરને આ માટે ઓગણીસમી સદીના પ્રારંભે કેટલાક સ્થાનિક રાજવીઓએ વિધિવત વિનંતી કરી હતી. મોટા રાજવીઓની નાના રાજવીઓ પરની જોહુકમી એ આ વિનંતી પાછળનું મહત્વનું કારણ હતું. બ્રિટિશ અમલદારોને પણ આવું નિયંત્રણ લાદવામાં રસ હતો. બ્રિટિશ કંપનીને એક મોટો અને મહત્વનો દરિયા કાંઠાનો વિસ્તાર પોતાના નિયંત્રણ હેઠળ આવતો હતો. કંપનીના વિસ્તારવાદની નીતિ સાથે તે બાબત સુસંગત હતી. આમ અંદરોઅંદરની ફાટફૂટની સ્થિતિને કારણે બ્રિટિશ સત્તા વધારે મજબૂત તથા અસરકારક બની. ભાવનગર – ગોંડલ – પોરબંદર રાજકોટ જેવા કેટલાક રાજ્યોના રાજવીઓની છાપ તેમના સુશાસનના પ્રયાસોને કારણે સારી હતી. બીજી તરફ અનેક રાજવીઓની વહીવટમાં આપખૂદી તેમજ સામંતશાહી વલણને કારણે સ્થાનિક રાજ્યકર્તાઓ પ્રજામાં અપ્રિય થઈ પડ્યા હતા. બ્રિટિશ સત્તાધિશોને આ હકીકતનો ફાયદો થયો હતો. આથી આવી વિષમ પરિસ્થિતિમાં પણ કેટલાક રાજવીઓના રાજ્ય વહીવટની વાતો આજે પણ માર્ગદર્શક બની શકે તેવી છે. સાર્વભોમ સત્તા હોવા છતાં કેટલાક રાજવીઓ તેમની લોક તરફની સંવેદનશીલતાને કારણે ઈતિહાસમાં અમર થયા છે. તેવા રાજવીઓની વાત ફરી કહેવી સાંભળવી ગમે તેવી છે.

નટવરસિંહજી કળાપ્રિય રાજવી હતા. રાજ્યની શાળાઓમાં સંગીત અને ચિત્રકળાના વિષયોને ખાસ સ્થાન હતું. જે અન્ય રાજ્યોમાં તે સમયે જોવા મળતું ન હતું. જનસમૂહને સ્પર્શતા પ્રશ્નો ઉકેલવાની નટવરસિંહજીની અગ્રતા હતી. ગામડાઓમાં વસતા લોકોના પ્રશ્નો સમજવા માટે રાજ્યના લગભગ પ્રત્યેક ગામડાંની મુલાકાત લેનાર આ દુર્લભ રાજવી હતા. આડેધડ થતા ગેરકાનૂની ખનનનો પ્રશ્ન આજે પણ આપણી સામે પડકાર સ્વરૂપે ઊભો છે. નટવરસિંહજીએ પોતાના કાળમા આવી પ્રવૃત્તિ અસરકારક પગલાં ભરીને અટકાવી હતી. રાજ્યમાં મુંગા પ્રાણીઓના બલીની પ્રથા અટકાવીને એક સુધારાવાદીને છાજે તેવું કાર્ય તેમણે કર્યું હતું. સ્વસ્થ અને સૂઝવાળા શાસકને છાજે તેવો ઉત્તમ વહીવટ તેમણે પૂરો પાડ્યો. આર્યકન્યા ગુરુકુળ જેવી સંસ્થા ઊભી કરવામાં તેઓ નાનજીભાઈ મહેતા સાથે એક પૂરક બળ બનીને ઊભા રહ્યાં. અનેક બાળાઓનું શૈક્ષણિક ઘડતર આ સંસ્થાએ કર્યું. પોરબંદરના દરિયા કિનારે આજે પણ જેનું આકર્ષણ છે તેવી ચોપાટીનું કામ પણ આ રાજવીની દીર્ઘદૃષ્ટિને કારણે સંપન્ન થયું.

નટવરસિંહજી રાજકુમાર કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે મહાકવિ નાનાલાલ ત્યાં અધ્યાપક તરીકે સેવા આપતા હતા. રાજવી તથા કવિ વચ્ચે સ્નેહાદરનો સંબંધ સંબંધ આજીવન રહ્યો હતો. નટવરસિંહજીનો રાજ્યાભિષેક થયા પછી કવિ નાનાલાલની પોરબંદર યાત્રાનો પ્રસંગ બન્યો. કવિ તથા ગુરુ તરફની લાગણી બતાવવા માટે નટવરસિંહજી જાતે મહાકવિને સત્કારવા પોરબંદર રેલવે સ્ટેશન પર હાજર રહેલા હતા. કવિગુરુ ટાગોર ૧૯૨૩ માં પોરબંદર આવ્યા ત્યારે પણ આ રાજવી પોરબંદરના દરિયા કીનારે કવિગુરુનો સત્કાર કરવા જાતે હાજર રહેલા હતા. શાંતિ નિકેતન માટે પણ આ રાજવીએ ઉદાર સખાવત કરી હતી. નટવરસિંહજીના વહીવટના છેલ્લા વર્ષોમાં ગાંધીજીની સાદગીનો પ્રભાવ જોવા મળતો હતો. દેશ આઝાદ થયો તે પછી રાજ્ય સત્તા છોડવામાં પોરબંદર પણ અગ્ર હરોળમાં રહેલું હતું. નટવરસિંહજીને એક સૌજન્યપૂર્ણ તથા શીલભદ્ર રાજવી તરીકે અનેક લોકો યાદ કરતા રહેશે તે નિર્વિવાદ છે.

ગાંધીનગર સાહિત્ય સભાનો 'સર્જકની કૅફિયત' કાર્યક્રમ સંપન્ન

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

મા ગરવી ગુજરાતના ગરવા ગુજરાતી સાહિત્યને હરદમ ધડકતું - ધબકતું રાખી, ફોરતું અને મધમધતું રાખવા ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજના કાર્યક્રમો પૈકીના કાર્યક્રમ 'સર્જનની કૅફિયત' અંતર્ગત કવિ નિરંજન શાહ 'નીર'ની સર્જનયાત્રા અને તેમની રચનાઓના સ્વમુખે પઠનનો કાર્યક્રમ તા. ૧૧-૬-૧૭ને રવિવારના રોજ, ઉઘડતી સંધ્યાના સાનિધ્યમાં પ્રમુખ નટવર હેડાઉ 'વનવિહારી' ના અધ્યક્ષપદે સંપન્ન થયો.

કાર્યક્રમની શુભ શરુઆત શબદની આરાધ્ય દેવી, મા શારદાની સ્તુતિ વેદનાની મૂળજીભાઈ પરમાર 'દધિ' દ્વારા, હાજર સર્વેના સુમધુર સૂરના સથવારે કરવામાં આવી.

જૂની કારોબારીનો સમયગાળો પૂર્ણ થયા બાદની આ પ્રથમ બેઠક હોઈ પ્રમુક તરીકેની વરણી બદલ નટવર હેડાઉ દ્વારા આભાર માની, સર્વેને આવકારવામાં આવ્યા. મહેમાન નિરંજન શાહ 'નીર'નું અધ્યક્ષ નટવર હેડાઉ દ્વારા પુષ્પ ગુચ્છથી સ્વાગત કરી, તેમની ઓળખના ઓજસ પાથરવામાં આવ્યા.

નિરંજન શાહે તેઓની 'સર્જનની કૅફિયત'માં ખુલ્લો એકરાર કર્યો કે તેઓ કોઈ કવિ નથી અને તેઓ કોઈ રદીફ - કાફિયા જાણતા નથી, પરંતુ મનની લાગણીઓને શબ્દોમાં ઢાળે છે. તેઓ આમ તો નાટકના જીવ હોઈ, 'મધુવન' નાટ્ય સંસ્થામાં જોડાયેલ, ત્યારબાદ ૨૦૧૩માં નિવૃત્ત થતાં 'તોફાન તાંડવ'નામનું ગ્રુપ શરુ કરી, આરાધેલ શબ્દોને મિત્રો સમક્ષ મૂકવાની શરુઆત કરેલ અને આજે મિત્ર નટવર હેડાઉની કૃપાથી અત્રે પધારેલ છે તેમ કહે, આભારસહ તેમની રચનાઓનું પઠન કરતાં, તેઓને રજૂ કરેલ રચનાઓના થોડા અંશો માણીએ :

સંબંધ :
(૧) લાગે બંધન તે છે સંબંધ
ભાર જેનો ન વર્તાય તે છે સંબંધ

જિંદગી :
રમવી છે બાજી હસતાં હસતાં,
ખુશીઓ માણવી છે રમતાં રમતાં.
મળ્યા છે ચારદિન મોજમસ્તીના,
નથી વેડફવા આમ લડતાં લડતાં.

સમય :
ક્ષણે ક્ષણે અટકી જાય છે આ સમય.
એમ ક્યાં પકડાય છે આ સમય.

આમ બીજી રચનાઓ રજૂ કરીને, તેમણે સર્વેને આનંદિત કર્યા.

ત્યારબાદ, પ્રમુખ નટવર હેડાઉએ નવી કારોબારીના પદાધિકારીઓની નીચે મુજબની જાહેરાત કરી.

પ્રમુખ : નટવર હેડાઉ વનવિહારી, ઉપપ્રમુખ : સંજય થોરાત, પ્રવક્તા : મુળજીભાઈ પરમાર, મંત્રી : કલ્પેશ પટેલ, સહમંત્રી : ભીખુભાઈ કવિ. કોષાધ્યક્ષ : ભીખુભાઈ મેકવાન.

ત્યારબાદ, સભાની પૂર્ણાહૂતિમાં, મંત્રી કલ્પે પટેલે આભારવિધિ કરી હતી.

● વૃત્તસંચય

દક્ષિણની ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા અભિનેતા, દિગ્દર્શન અને પ્રોડ્યુસર એન. ટી. રામારાવની પુણ્ય સ્મૃતિમાં સ્મરણાંજલિ રુપે દર વર્ષે વિવિધ ક્ષેત્રમાં પોતાનું જીવન સમર્પિત કરનાર કલાકારો લેખકોને 'એન ટી આર નેશનલ એવોર્ડથી' નવાજવામાં આવે છે. ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર રઘુવીર ચૌધરીને તેલંગણા સરકારે તા. ૨૮-૫-૨૦૧૭ના રોજ, હૈદરાબાદ ખાતે આ 'એનટીઆર નેશનલ એવોર્ડ' થી સન્માનિત કર્યા હતા, જે ગુજરાત સરકાર માટે અને ગુજરાતી સાહિત્ય જગત માટે ગર્વની બાબત લેખી શકાય. રઘુવીર ચૌધરીને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

●

ગાંધીનગરના વરિષ્ઠ નાટ્યકાર, લેખક અને ગાંધીનગર સાહિત્યસભાના આજીવન સભ્ય પ્રકાશ લાલાને તેમના બાળનાટ્ય સંગ્રહ 'દીવાથી પ્રગટે દીવા' માટે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા શ્રેષ્ઠ પુસ્તક તરીકેનું પ્રથમ પારિતોષિક જાહેર કરવામાં આવ્યું છે. બાળકોમાં જ્ઞાન સાથે ગમ્મત અને સાથે સુટેવો અને ઘડતર થાય તે માટેનાં તેમનાં પ્રકાશનોમાં સને ૨૦૦૪માં બાળનાટ્ય સંગ્રહ 'હીપ હીપ હુરે;' ૨૦૦૭માં હાસ્યલેક સંગ્રહ 'ક્લીન બોલ્ડ;' સને ૨૦૧૨માં 'પ્રકાશ લાલાની મનપસંદ બાળવાર્તાઓ' અને તે પછી ૨૦૧૪માં આ 'દીવાથી પ્રગટે દીવા' સમાજને અર્પણ કરાયેલ છે. પ્રકાશ લાલાને મળેલ આ પારિતોષિક નગર અને ગાંધીનગર સાહિત્યસભા માટે આનંદ અને ગર્વની બાબત છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

● ગુજરાત ગૌરવદિન - ૨૦૧૭ નિમિત્તે તા. ૩૦-૪-૨૦૧૭ના રોજ વિશ્વકોશ ટ્રસ્ટ, ઉસ્માનપુરા, અમદાવાદ ખાતે 'હાં હું ગુજરાત છું.' - કવિ સંમેલન યોજાઈ ગયું. જેમાં કવિતા પાઠ માટે રાજેન્દ્ર શુક્લ ; ખલીલ ધનતેજવી માધવ રામાનુજ, ભાગ્યેશ જહા, રમેશ ઠક્કર, કૃષ્ણ દવે, કનૈયાલાલ ભટ્ટ, પ્રજ્ઞા પટેલે ભાગ લઈ, ગુજરાતી સંસ્કૃતિના ગૌરવગાન અને સામાજિક સંવેદનાને રજૂ કરી હતી.

● સુખ્યાત પક્ષીવિદ રાઓલ ધર્મકુમાર સિંહજી જન્મશતાબ્દી ઉજવણી પ્રસંગે લેખક પ્રવીણ સરવૈયાના પુસ્તક 'પંખી પરિવાર'નો વિમોચન અને લોકાર્પણ સમારોહ તા. ૧૪-૪-૨૦૧૭ના રોજ,, એમ.કે. યુનિ. ભાવનગરના ઉપક્રમે યોજાઈ ગયો, જેમાં ગુજરાતી પક્ષી ક્ષેત્રના મૂઠી ઊંચેરા એવા ડૉ. ભવભૂતિ પારાશર્ય, ડૉ. બકુલ ગોહિલ, દરબાર સત્યસિંહજી ખાચર અને ડૉ. ઈન્દ્ર ગઢવીએ પંખીજગત વિષે પ્રેરણાદાયી વકતવ્યો આપ્યાં હતા.

● ૨૬મી જાન્યુઆરી - પ્રજાસત્તાક દિને ઘોષિત અને ૩૦મી માર્ચ, ૨૦૧૭ના રોજ,